## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૬/૧૧/૨૦૨૨ થી તા. ૧૨/૧૧/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૯/૨૦૨૨ તા.૦૭/૧૧/૨૦૨૨ :-**

તા. ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સી-ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હાજર હતા તે વખતે એક મહિલા નામે બબીતાદેવી વા/ઓ જનકા જાતે ચૌહાણ ઉ.વ. ૩૫ ધંધો પ્લાસ્ટીક વેપાર રહે ઘર નં ૨૦૩ માત્રુશક્તી રેસીડન્સી કિમ સુરત વાળીએ આવી જણાવેલ કે તા ૦૩/૧૧/૨૦૨૨ ના રોજ હુ મારા ભાઇના ઘરે જતી હતી તે વખતે ટ્રેનમાંથી એક છોકરી મળી આવેલ અને તે છોકરીએ જણાવેલ કે મારા માતાપિતા મરણ ગયેલ છે જેથી હુ તેને મારા ઘરે લઇ ગયેલ અને આજરોજ તેની માતા સાથે વાતચીત કરતા તેની માતાએ જણાવેલ કે તેની દિકરી ગુમ થયા અંગેની બીલાસપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવેલ હોય જેથી બીલાસપુર પો.સ્ટે.ના હે.કો. રાની પ્રધાન નાઓએ જણાવેલ કે છોકરીને નજીકના પોલીસ સ્ટેશનમાં સોપી દો જેથી સદર છોકરીને ઉપરોકત મહિલા સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ બ્રુહસ્પતી ડૉ/ઓ સંતોષ જાતે યાદવ ઉ. વ. ૧૭ ધંધો ખેતી રહે ગાવ તીલહાટી થાણા મસ્તુરી જીલ્લો બિલાસપુર છત્તીસગઢ વાળી હોવાનુ જણાવેલ અને સદર છોકરીને બીલાસપુર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ લેવા માટે ન આવે ત્યા સુધી તેને અસ્થાઇ આશ્રય માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામા આવેલ.

બાદ તા ૦૯/૧૧/૨૦૨૨ ના રોજ બિલાસપુર પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ એન.આર. સાહુ તથા વુમન હેડ કોંન્સ. રીના પ્રધાન તથા સદર છોકરીની માતા પંચકુવર નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવેલ અને જણાવેલ કે તેઓના પોલીસ સ્ટેશન માં ફસ્ટ ગુ. ર. ન ૭૯૯/૨૦૨૨ ઇ. પી.કો કલમ ૩૬૩ મુજબ તા ૦૩/૧૧/૨૦૨૨ રોજ ગુનો દાખલ કરવામાં આવેલ અને ગુનાની એફ.આઇ.આર.ની નકલ તથા તેની માતાનુ નિવેદન મેળવી સદર છોકરીનો કબ્જો તેની માતા તથા બીલાસપુર પોલીસને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૭/૨૦૨૨ તા.૦૮/૧૧/૨૦૨૨ :-**

તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર સી-ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમા હાજર હતા તે વખતે એક છોકરી પ્લે નં ૧ ઉપર એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે, મારા નાની આવે છે તેમ કહેતી હોય ત્યાર બાદ ઘણીવાર સુધી કોઇ ન આવતા સદર છોકરીને વિશ્વાસમાં લઇ વધુ પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના જન્મ પછી તેના પિતા મરણ ગયેલ અને તેની માતાએ બીજા લગ્ન કરેલ હતા અને તે નાન પણથી તેના નાની સાથે રહેતી હોય અને આજે સવારે ઘરે નાની સાથે કામ બાબતે ઝગડો થતા તે ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા લાવી નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ તહેસુમા ડૉ/ઓ હનિફ જાતે અન્સારી ઉ. વ. ૧૯ ધંધો ઘરકામ રહે ગલી નં ૦૪ ઘર નં ૨૦૩ મદીના મસ્જીદ રીવવ્યુ સોસાયટી જીલાણીબ્રીજ ફુલવાડી સુરત વાળી હોવાનુ અને તેણીને તેના નાનીના મો.નંબર વિશે પુછતા તેને તેના ભાઇનો મો.ફોન નંબર આપતા મો.ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ સદર છોકરીની નાની સાથે વાતચીત કરતા તેઓ સુરત લેવા માટે આવતા તેઓએ જણાવેલ કે સવારે કામ બાબતે બોલાચાલી થતા તે બપોરના નીકળી ગયેલ હતી જેથી સદર છોકરીના નાની નામે જરીનખાતુન વા/ઓ અબ્દુલ વહીન જાતે અંસારી ઉ. વ. ૬૦ ધંધો ઘરકામ રહે ગલી નં ૦૪ ઘર નં ૨૦૩ મદીના મસ્જીદ રીવવ્યુ સોસાયટી જીલાણીબ્રીજ ફુલવાડી સુરત વાળી નાઓ આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર છોકરીનો કબ્જો તેના નાનીને રૂબરુમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૫/૨૦૨૨ તા.૦૮/૧૧/૨૦૨૨ :-**

તા. ૦૮/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીગ આવક અરજી નં ૩૪૮૬/૨૦૨૨ તા ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ શ્રી સુરજ સ/ઓ જગદીશ ગુપ્તા ઉ.વ. ૪૭ ધંધો મજુરી રહે રહે માહાકલી નગર રામેશ્વર કોલોની કાપોદ્રા નાઓએ અરજી આપેલ જે અરજી આધારે...

...ગુમ થનાર પુષ્પા વા/ઓ સુરજ જાતે ગુપ્તા ઉ. વ. ૩૦ ધંધો ઘરકામ રહે માહાકલી નગર રામેશ્વર કોલોની કાપોદ્રા સુરત વાળીએ તેની દિકરી નામે કાજલ ડો/ઓ સુરજ ગુપ્તા ઉ. વ. ૧૦ રહે સદર ગઇ તા ૨૫/૧૦/૨૦૨૨ ના રોજ તેના વતન બિહાર જવા માટે સુરત રેલ્વે સ્ટેશન ઉપર અમદાવાદ બરૌની એક્સ ટ્રેનમાં બેસી જતા હતા તે દરમ્યાન અરજદાર તેના વતન તેની માતાને ફોન કરી પુછેલ કે તેના પત્ની તથા દિકરી ઘરે આવી ગયેલ છે કે કેમ ? જેથી તેની માતાએ જણાવેલ કે અહીંયા કોઇ આવેલ નથી જેથી તેમના મિત્ર વર્તુળ તથા પરીવારમાં તપાસ કરતા તેની પત્ની નહી મળે આવતા તા ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ તેઓએ એક લેખીત અરજી આપી જણાવેલ કે તેનો મિત્ર અવાર–નવાર તેના ઘરે આવતો અને તેનો પણ ફોન સ્વીચ ઓફ આવે છે જેથી સદર ઇસમ નામે મનોજ કેશવાની નો મો નં ૭૪૦૫૨૨૪૬૨૦ નુ લોકેશન કઢાવતા લોકેશન ઘનશ્યાનગર વરાછા સુરતનુ આવતુ હોય જેથી સદર લોકેશન વાળી જગ્યાએ રૂબરૂ જઇ સદર મહિલા તથા બાળકીનો કબ્જો સંભાળી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવતા સદર મહિલાની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના પતિ દારૂ પીને અવાર નવાર મારઝુડ કરતો હોય અને કામ ધંધો કરતો ન હોય જેથી તેણીએ આવુ પગલુ ભરેલ હોવાનુ જણાવેલ અને તે તેના પતિ સાથે રહેવા માગતી ન હોય તેની દિકરીને લઇને કામધંધો કરીને અલગથી જીવન જીવવા માગતી હોય જે બાબતે તેણીનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી તેણીને તેના દિકરી સાથે ઘરે મોકલેલ.

**(૪) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૦/૨૦૨૨ તા.૧૦/૧૧/૨૦૨૨</u> :-**

તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સી ટીમના સભ્યો સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હતા તે વખતે મુસાફર ખાના ટીકીટ બારી પાસે એક મહિલા ઉભી ઉભી રડતી હોય જેને પુછપરછ કરતા તેણીએ જણાવેલ કે તેના પતિ સાથે બોલાચાલી થતા તેને લાગી આવતા તે ઘરે થી કોઇ ને જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા સદર મહિલાને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સંગીતા વા/ઓ સિધ્ધનાથ જાતે યાદવ ઉ. વ. ૨૪ ધંધો ઘરકામ રહે હાલ ભટાર ટેનામેંટ સુરત મુળ રહે ગાવ અતિયા સઇ પુર જી. હરદોઇ ઉત્તર પ્રદેશ વાળી તેઓના લગ્ન એક મહીના પહેલા થયેલ અને તેઓ તેના વતનથી પતિના ઘરે આવેલ હતી અને આજે સવારના તેના પતિ સાથે ઝગડો થતા તે સુરત રેલ્વે સ્ટેશન ઉપર આવી બેસેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના પતિનો સંપર્ક નંબર મેળવી ફોન કરી તેના પત્ની વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે હુ નોકરી ઉપર છુ અને તેની પત્ની ઘરે છે તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનિષાબેને સમગ્ર હકીક્ત જણાવતા તેઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા આવી જણાવેલ કે તેના પત્નિ ગઇ કાલે તેને વતન જવા સારૂ કીધેલ પરંતુ હાલમાં તેઓ પાસે પૈસા ન હોવાથી તેને સમજાવેલ કે આવતા મહીને પગાર થશે ત્યારે આપડે બન્ને વતન જઇશુ તેમ જણાવેલ હતુ ત્યાર બાદ આજરોજ તે સવારે નોકરી ઉપર ગયેલ તે પછી તેની પત્નિ ઘરેથી નિક્ળી ગયેલ હશે તેમ જણાવતા હોય જેથી તેઓ બન્નેને સમજાવી તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાનો કબ્જો તેના પતિને રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**(૫) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૨/૨૦૨૨ તા.૦૯/૧૧/૨૦૨૨</u> :-**

તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર સી-ટીમના સભ્યો સાથે પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે નં ૦૪ ઉપર એક છોકરી એકલી દાદર ઉપર બેસેલ હોય તેને તેના વાલીવરસો વિશે પુછતા તેને જણાવેલ કે તેના વતનમાં રહેતો છોકરો નામે લવકુમાર સાથે ફેસબુક ઉપર ઓળખાણ થતા એક બીજાના નંબરની આપ લે કરી ફોન ઉપર છેલ્લા ચાર મહીનાથી વાત કરતી હતી અને તેઓએ જણાવેલ કે તુ સુરત આવતી રહે આપણે લગ્ન કરીને સુરત રહીશુ તેમ જણાવતા તે તેની મોટી બહેનના ઘરેથી તેના માતાપિતાના ઘરે જતી હતી તે વખતે સદર ઇસમે ફોન કરી જણાવેલ કે તેને પૈસા મોકલે છે અને તુ સુરત આવી જા જેથી તે તા૦૭/૧૧/૨૦૨૨ ના રોજ ટ્રેનમા બેસી સુરત આવેલ અને અવાર નવાર તેના બોયફ્રેંડને ફોન કરતા તેનો મોબાઇલ સ્વીચ ઓફ આવતો હોય જેથી ઘરે કોઇને જાણ કર્યાવગર નીકળી આવેલ અને ઘરે પર જશે તો તેને ઘરમાં રાખશે નહી તે બીકથી તે સુરત રેલ્વે સ્ટેશન ઉપર બેસી રહેલ હોવાનુ જણાવતી હોય...

...જેથી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મોનીકા ડો/ઓ રાધેશ્યામ જાતે યાદવ ઉ. વ. ૨૧ ધંધો ઘરકામ રહે ગામ ઇડવા કન્નુપુર જી આમ્બેડકર નગર ઉત્તરપ્રદેશ વાળી હોવાનુ અને તેનો મોબાઇલ ફોન ચેક કરતા તેના ભભી નામે અનિતા વા/ઓ પ્રવેશકુમાર જાતે યાદવ ઉ.વ. ૩૩ ધંધો ઘરકામ રહે હાલ મેઘાપ્લાઝા શ્રીનાથ એપાર્ટમેંટ ઘર નં ૨૦૪ પલસાણા સુરત વાળીને ફોન કરી છોકરીનુ નામ ઠામ જણાવતા તેણીએ જણાવેલ કે, સદર છોકરી તેની નંણદ થાય છે જેથી તેને સર્વ હકીકત જણાવતા તે સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓને નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરીનો કબ્જો તેના ભાભીને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૪૧/૨૦૨૨ તા.૧૦/૧૧/૨૦૨૨ :-**

તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ રમણભાઇ સુરમલભાઇ નાઓએ જણાવેલ કે પાર્ટી નં ૦૪ ટ્રેન નં ૧૨૯૬૧ અવંતિકા એક્સ ટ્રેનના કોચ નં એસ-૮ માંથી એક છોકરી તથા છોકરો ઘરેથી ભાગીને આવેલ હોવાની વર્ધી રેલ્વે કંટ્રોલ ઇન્ચાર્જ મુળજીભાઇ નાઓએ લખાવેલ હોવાનુ જણાવતા સદર ટ્રેન ઉપર નાઇટ ડ્યુટીના માણસોને જઇ સદર તપાસ કરતા એક છોકરી તથા પુરૂષ જોવામા આવતા તેઓને ઉતારી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી બેસાડેલ હોય જે બાબતે યોગ્ય કાર્યવાગી કરશો તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ખુશ્બુ ડો/ઓ લાલટુન જાતે ચોપાલે ઉ.વ.૧૬ધંધો અભ્યાસ રહે સર્વે નં ૨૦૫ હનુમાનચોલ ગ્રીન હીલ રિસર્ટ વનોઠાપાડા નાલાસોપારા પુર્વ વસઇ જી પાલઘર મુળ રહે વોર્ડ નં ૯ બઉર પોસ્ટ રસીયાઇ થાણા ધનશ્યામપુર જીલ્લો દરભંગા બિહાર વાળી હોવાનુ જણાવેલ અને એકાદ વર્ષ પહેલા તેઓની ગલીમા રહેતો છોકરો નામે સુરજ જાતે સરોજ ઉવ.૨૩ ધંધો ટી.વી રીપેરીગનો રહે સદર વાળા સાથે પ્રેમ સબંધ થયેલ હતો જેથી તા ૦૯/૧૧/૨૦૨૨ના સવાર ના સાતેક વાગે ઘરે થી સ્કુલે જવા નીકળેલ અને સ્કુલમાં રીશેસ પડતા તે તેના બોયફ્રેંડ સાથે ટ્રેનમાં બેસી બન્ને વાપી આવેલ અને વાપીથી સુરત આવવા અવંતિકા એક્સ ટ્રેનમાં બેસેલ હતા તે વખતે તેઓ એક બીજા સાથે વાતચીત કરતા હતા તે દરમ્યાન પોલીસને તેઓ ઉપર શંક જતા તેઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેઓ ઘરેથી ભાગીને આવેલ છે જેથી સુરત સ્ટેશન ઉપર પોલીસ આવી અમને બન્નેને ઉતારી સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા બેસાડેલ ત્યાર બાદ પેલ્હાર પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. શ્રી સચીન કામ્બલે નોઓનો મો.ફોન ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે પેલ્હાર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. ન ૯૪૮/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ તા ૦૯/૧૧/૨૦૨૨ ના કલાક ૧૩/૩૦ વાગે ગુનો દાખલ થયેલ જેથી સદર ઇસમ તથા છોકરીને લેવા માટે તેઓના પોલીસ સ્ટેશનનો સ્ટાફ આવી રહેલ છે તેમ જણાવતા તા. ૧૦/૧૧/૨૦૨૨ રોજ પેલ્હાર પોલીસ સ્ટેશનના હે.કો. બ.ન. ૦૬૨૨૩ જ્ઞાનેશ્વર ચૌહાણ નાઓ તથા બાળકીના પિતા આવતા સદર ગુનાની એફ.આઇ.અર લઇ બાળકીનો તથા સદર ઇસમનો કબ્જો તેઓને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૭) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૪૫/૨૦૨૨ તા.૧૧/૧૧/૨૦૨૨ :-**

તા.૧૧/૧૧/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ રમણભાઇ સુરમલભાઇ નાઓએ જણાવેલ કે રાત્રીના પી.સી.આર વાન સુરત શહેર નાઓ એક મહિલા તથા એક પુરૂષને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરેલ છે અને યોગ્ય કર્યાવાહી કરશો તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર મહિલાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રાનીદેવી વા/ઓ ગોવિંદ જાતે પ્રજાપતિ ઉ.વ. ૨૨ ધંધો ઘરકામ રહે ગામ સુરગી ખરોલી સેલવાસા વાપી જી વલસાડ વાળી હોવાનુ અને તે તેના બાજુમાં રહેતા ઇસમ નામે ભોલાકુમાર સ/ઓ લુટન જાતે તુરી ઉ.વ. ૨૫ ધંધો નોકરી રહે હાલ ગામ સુરગી ખરોલી સેલવાસા વાપી જી વલસાડ મુળ રહે ગામ ચીટન ગોદનીટાલ થાના મધુપુર જી દેવઘર રાજ્ય ઝરખંડ વાળા સાથે પ્રેમ સંબધ હોય જે વાતની જાણ મારા પતિને ખબર પડતા હુ તા ૧૦/૧૧/૨૦૨૨ ના સાંજના સમયે મારા રહેણાંકના ઘરેથી તેની દિકરી નામે આરાધ્યા ઉ.વ. ૦૩ ને લઇને ...

... વાપી રેલ્વે સ્ટેશન આવેલ અને કોઇ પણ ટ્રેનમાં બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા તેની પાછ્ળ પાછ્ળ તેના પતિ તેને સમજાવીને લઇ જવા માગતા હોય અને સદર મહિલા જવા માગતી ન હોય જેથી તેના પતિ નામે ગોવિંદ નાઓએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસ મદદ માગતા પી.સી.આર વાન આવતા તેઓને પુછપરછ કરી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન મુકી ગયેલ હોવાનુ જણાવતી હોય જેથી સદર મહિલાને સમજાવી તેના સંગાસંબધી વિશે પુછપરછ કરતા સદર મહિલાએ જણાવેલ કે તેના મોટાભાઇ નામે સુરેશકુમાર પ્રજાપતી ઉ.વ ૨૫ ધંધો નોકરી રહે વિનાયકનગર ઘર નં. ૪૧૫, પાંડેસરા સુરતને ફોન કરી જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેને સમજાવી વિશ્વાસ માં લઇ સદર મહિલા તથા બાળકીનો કબ્જો તેના ભાઇ ભાભીને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા.માં નોધ કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા